**૨૨ જાન્યુઆરી, ૨૦૧૫** **સ...સં...૫૮**

## ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનો ચોથો દિક્ષાંત સમારોહ

..........

## દેશ ટેકનોલોજીના સંક્રાંતિકાળમાંથી પસાર થઇ રહ્યો છે ત્યારે ટેકનોલોજીના ક્ષેત્રે દક્ષ અને નિપૂણ માનવશક્તિ તૈયાર થાય તે અત્યંત જરૂરી છે - રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલી

.............

## ઉદ્યોગોની જરૂરિયાત અનુસાર માનવબળ તૈયાર કરવા માટે યુનિવર્સિટી પોતાને સતત અપગ્રેડ કરી રહી છે - જી.ટી.યુ.ના કુલપતિ શ્રી અક્ષય અગ્રવાલ

.............

અમદાવાદઃગુરૂવારઃ રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું છે કે, આપણો દેશ ટેકનોલોજીકલ સંક્રાંતિકાળમાંથી પસાર થઇ રહ્યો છે ત્યારે ટેકનોલોજીકલ યુનિવર્સિટીઓમાંથી ટેકનોલોજી ક્ષેત્રે દક્ષ, માહેર અને કુશળ માનવબળ તૈયાર થાય તે અત્યંત જરૂરી છે.

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના ચોથા દિક્ષાંત સમારોહમાં સંબોધન કરતા શ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું કે, વૈશ્વિકરણના પગલે દેશની ભૌગોલિક સીમાઓ મર્યાદિત બની છે. શૈક્ષણિક સંસ્થાઓ વૈશ્વિક સંસ્થાઓ સાથે જોડાઇ રહી છે, શૈક્ષણિક પરિદ્રશ્ય બદલાઇ રહ્યું છે ત્યારે યુનિવર્સિટીઓનું કાર્ય વિદ્યાર્થીઓને માત્ર પ્રોફેશનલ ન બનાવી રાખતા લોકતંત્રને જવાબદાર અને કર્તવ્યપરાયણી બનાવવાનો કર્તવ્યબોધ શીખવાડવાનું કાર્ય પણ યુનિવર્સિટીઓ કરે તેમ તેમણે જણાવ્યું હતું.

રાજ્યપાલશ્રીએ વધુમાં ઉમેર્યું કે, પ્રોફેશનલ બનવા સાથે સામાજિક રીતે જવાબદાર નાગરિક દ્વારા જ એક વિકસિત રાષ્ટ્રનું નિર્માણ થઇ શકે છે.

દેશના આર્થિક અને ભૌતિક વિકાસ માટે આજે ટેકનોલોજીની ભૂમિકા મહત્વપૂર્ણ બની છે ત્યારે યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓનું ક્ષમતાવર્ધન, સશક્તિકરણ કરીને તેમને કારકિર્દી ઘડતરમાં પડકારરૂપ બનતાં પરિબળો સામે સક્ષમ બનાવે તે સમયની માંગ છે તેમ તેમણે જણાવ્યું હતું.

રાજ્યપાલશ્રીએ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓમાં સર્વોત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓનું ગોલ્ડ મેડલ તથા અન્ય વિદ્યાર્થીઓનું ડીગ્રી-ડીપ્લોમા આપી

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી.....

દિક્ષાંત સમારોહમાં ૪૭૪૦૬ ડીગ્રી અને ૨૨૯૭૩ ડીપ્લોમા મળી કુલ ૭૦૩૭૯ વિદ્યાર્થીઓને ડીગ્રી-ડીપ્લોમાની પદવી એનાયત કરવામાં આવી હતી.

જી.ટી.યુ.ના કુલપતિશ્રી અક્ષય અગ્રવાલે યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ રજૂ કરી યુનિવર્સિટીની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનો ચિત્તાર આપ્યો હતો.

તેમણે યુનિવર્સિટીએ નવા નવા અભ્યાસક્રમો દાખલ કરીને અને ઉદ્યોગની જરૂરિયાત મુજબ તેને સતત અદ્યતન કરી ઉદ્યોગોની જરૂરીયાત મુજબનું માનવબળ તૈયાર કર્યું છે. ડીઝાઇન ક્ષેત્રે વિદ્યાર્થીઓની ક્ષમતાના વર્ધન માટે વિદેશી યુનિવર્સિટીઓ સાથે જી.ટી.યુ.એ જોડાણ કર્યું છે તેની વિગતો તેમણે આપી હતી.

દિક્ષાંત કાર્યક્રમમાં જાણીતા કથાકાર ભૂપેન્દ્રભાઇ પંડ્યા, રીલાયન્સ પેટ્રો-કેમિકલ્સ વડોદરાના પ્રેસિડન્ટશ્રી કે.વી.શેષાદ્રીએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. જી.ટી.યુ.ના રજીસ્ટ્રાર શ્રી જે.સી.લીલાણીએ સ્વાગત પ્રવચન અને શ્રી જુલબેને આભારવિધિ કરી હતી.

દિક્ષાંત સમારોહમાં વિવિધ વિદ્યાશાખાના ડીન, પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ, વાલીઓ તથા નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

..........................